નિર્ગ્રંથના અવસર: ૯૨ શ્લોક - ૫

નય: શ્રુતાદિના મત્ત:, ક્રિયાવાનપિ લિપ્યતે
આત્મજ્ઞાનસમાપન્નો, નિષ્ક્રિયોઽપિ ન લિપ્યતે

<u>શબ્દાર્થ</u>: નય: શ્રુતાદિના = નયચર્ચા અને શ્રુતજ્ઞાન વગેરેથી, મત્ત: = અહંકારવાળો, ક્રિયાવાનપિ = આવશ્યક ક્રિયા કરતો હોય તો પણ, લિપ્યતે = લેપાય છે, આત્મજ્ઞાનસમાપન્નો = આત્મજ્ઞાનવાળો જીવ સંપૂર્ણ, નિષ્ક્રિયોઽપિ = ક્રિયા રહિત હોય તો પણ, ન લિપ્યતે = લેપાતો નથી.

<u>શ્લોકાર્થ</u>: નયચર્ચા, શ્રુતજ્ઞાન વગેરેથી અહંકારવાળો આત્મા આવશ્યક ક્રિયા કરતો હોય તો પણ (કર્મો વડે) લેપાય છે. આત્મજ્ઞાનવાળો જીવ સંપૂર્ણ ક્રિયા રહિત હોય તો પણ તે લેપાતો નથી.

<u>ભાવાર્થ</u>: નય, શ્રુત વગેરે ક્રિયાઓનું ઉત્કૃષ્ટપણું આચરણ કરતા જીવો જો અહંકારી બને તો નવા કર્મો વડે લેપાય છે અર્થાત્ કર્મબંધ કરે છે. શાસ્ત્રમાં ઘણા દૃષ્ટાંતો જોવા મળે છે.

અગ્નિશર્માએ ઉત્કૃષ્ટ તપ કર્યો પરંતુ ક્રોધના કારણે અહંકાર આવ્યો અને ભવ ભ્રમણ વધી ગયું.

સ્થૂલિભદ્રજીએ દશપૂર્વનું જ્ઞાન ભદ્રબાહુસ્વામી પાસેથી પ્રાપ્ત કર્યું. અહંકાર આવ્યો અને પોતાની બહેનોને બતાવવા માટે સિંહનું રૂપ ધારણ કર્યું! શ્રુતજ્ઞાનનું અભિમાન થયું તેથી ભદ્રબાહુસ્વામીએ બાકીના ચાર પૂર્વનું જ્ઞાન ન આપ્યું.

આ રીતે જો નય, ત્યાગ અને શાસ્ત્રોના અભ્યાસ વડે અહંકારને ઓગાળી નાખવાનો છે તેનાથી ઉલટું બને

ત્યારે જીવ કર્મોથી લેપાય છે.
પૂજ્ય ઉમાસ્વાતિજી "પ્રશમરતિ" નામના ગ્રંથમાં લખે છે:

એતદ્ધિ સર્વં મદહરં તેનૈવ મદ: કથં કાર્ય: ?
જે મદ (અહંકાર) ને હરનારા (નાશ કરનારા) સાધનો છે (તે જ સાધનો વડે) તેના વડે મદ કેમ કરી શકાય?

હું જ્ઞાની, હું સાધક, હું તપસ્વી, હું આરાધક ... આ અહંકારથી ઘેરાયેલો જીવ માત્ર શુભ કર્મ ઉપાર્જન કરે છે, નિર્જરા અતિ અલ્પ પ્રમાણમાં થાય છે. ઉલ્ટું ઉત્કૃષ્ટપણે અહંકાર કરવાથી નવા કર્મો બાંધે છે.

ખરેખર તો તપ, જ્ઞાન અને ક્રિયાઓ દ્વારા આત્માને ભાવનાજ્ઞાનથી ભાવિત કરવાનો છે.

શંકા: ભાવના જ્ઞાન એટલે શું?
સમાધાન: આવશ્યક ક્રિયાઓનો બહુમાનપૂર્વક આદર કરીને આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાના લક્ષ્ય તરફ લઈ જતું જ્ઞાન તે ભાવનાજ્ઞાન. ત્યાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનો ભેદ રહેતો નથી. આ રીતે અભેદની ભૂમિકા પ્રાપ્ત થયા પછી બાહ્ય ધર્મક્રિયાઓની કોઈ જરૂર રહેતી નથી. સાતમા ગુણસ્થાને આ ભૂમિકા જોવા મળે છે. ટૂંકમાં આત્મતત્ત્વની સાથે એકતા કરવા રૂપ સમ્યગ્જ્ઞાન તે ભાવનાજ્ઞાન.

ધાર્મિક અનુષ્ઠાનોમાં જો ઓતપ્રોત (ડૂબેલા) હોય, ક્રિયાઓને જ ધર્મ માની લીધો હોય પરંતુ આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ તથા ક્રોધ, માન, માયા, લોભ એમ સંજ્ઞાઓપૂર્વક જો ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રવૃત્તિને ધર્મ કહેવાતો નથી. મોહને પોષનારી, મોહને વધારનારી, કે મોહદશાપૂર્વકની કરાયેલી ધર્મપ્રવૃત્તિ તે ધર્મપ્રવૃત્તિ નથી. માટે આવી ક્રિયા કરનારો આત્મા ધર્મક્રિયા કરવા છતાં પણ કર્મોથી લેપાય છે.

૧૧ મું અધ્યાય: નિર્લેપતા    શ્લોક - ૬

અલિપ્તો નિશ્ચયેનાત્મા, લિપ્તશ્ચ વ્યવહારતઃ :
શુદ્ધ્યત્યલિપ્તયા જ્ઞાની, ક્રિયાવાન્ લિપ્તયા દૃશા

<u>શબ્દાર્થ</u>: નિશ્ચયેન = નિશ્ચયનયથી, આત્મા = જીવ, ચ = અને, અલિપ્તઃ = કર્મોથી બંધાયેલ નથી, વ્યવહારતઃ = વ્યવહારનયથી, લિપ્ત = કર્મોથી બંધાયેલો છે, અલિપ્તયા દૃશા = અલિપ્ત દૃષ્ટિ વડે, શુદ્ધ્યતિ = શુદ્ધ થાય છે, ક્રિયાવાન = ક્રિયાવાળો, લિપ્તયા દૃશા = લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

<u>શ્લોકાર્થ</u>: નિશ્ચયનયથી આત્મા અલિપ્ત છે (કર્મોથી બંધાયેલો નથી) અને વ્યવહારનયથી આત્મા લિપ્ત છે (કર્મોથી બંધાયેલો છે). જ્ઞાની પુરુષ, આત્મા અલિપ્ત છે એવી દૃષ્ટિ રાખીને શુદ્ધ થાય છે અને ક્રિયાવાળો પુરુષ, આત્મા કર્મોથી લેપાયેલો છે એવી દૃષ્ટિ રાખીને શુદ્ધ થાય છે.

<u>ભાવાર્થ</u>: આ શ્લોકમાં બે પ્રકારનો નય (વસ્તુને જોવાની દૃષ્ટિ) સમજવાનો છે. (૧) નિશ્ચય નય અને (૨) વ્યવહાર નય.

નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા અલિપ્ત છે.
વ્યવહાર નયની દૃષ્ટિએ આત્મા લિપ્ત (કર્મોથી લેપાયેલો) છે.
બંને નયને એક ઉદાહરણથી સમજશે.

એક સોનાની લગડી (સોનાનો ટુકડો) હાથમાંથી પડી ગઈ અને કાદવમાં ખૂંચી ગઈ. સોનાની લગડી બહારથી (વ્યવહારથી) જોશો તો કાદવથી ખરડાયેલી (લેપાયેલી) લાગશે. પરંતુ તત્ત્વદૃષ્ટિથી (નિશ્ચયનયથી) જોશો તો સોનાની લગડીનો એક પણ કણ કાદવરૂપે બન્યો નથી. લગડીના સ્વરૂપમાં કંઈ ફેર પડ્યો નથી. બહાર લાગેલો કાદવ પાણીથી ધોઈ શકાય છે અને દૂર કરી શકાય છે.

કાદવથી લેપાયેલી લગડીને લેવા માટે આપણે કાદવમાં હાથ નાંખીશું. કારણ આપણે સમજીએ છીએ કે સોનાનું મૂળ સ્વરૂપ બગડ્યું નથી. આ ઉદાહરણથી સમજી શકાય કે

નિર્લેપતા શ્લોક-૬

આત્મા પણ શરીર તથા કર્મોથી લપેટાયા છતાં પોતાના મૂળસ્વરૂપે તો તેવો ને તેવો જ છે.

સોનાની લગડી કાદવમાંથી લઈને સીધે સીધી તેને ભઠ્ઠીમાં નાખતા નથી. તેને પાણીથી શુદ્ધ કરવી પડે છે, કારણ કે બહારથી તે મલીન થયેલી છે.

તેવી જ રીતે આત્મા શરીર અને કર્મોથી વ્યવહારનયની અપેક્ષાએ મલીન થયેલો છે, માટે તેને શુદ્ધ કરવા, નિર્મળ પાણીની જેમ, તપ, સંયમ, સાધના અને આરાધના કરવી પડે છે.

નિશ્ચય દૃષ્ટિ એમ માને છે કે આત્મા સિદ્ધ પરમાત્માની જેમ શુદ્ધ છે. પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવ્યું નથી, અને અણુ માત્રએ પણ બગાડ્યું નથી. સોનું તે સોનું જ છે. કાદવ તેનાથી ભિન્ન પદાર્થ છે. આત્માને શુદ્ધ આત્મા તરીકે અને પરદ્રવ્યને પરદ્રવ્ય તરીકે દેખતો જ્ઞાની, કોઈના ઉપર રાગ-દ્વેષ કર્યા વિના આત્માની નિર્મળ દશાનું સંવેદન કરે છે. સર્વ પ્રકારની વિભાવદશા રૂપ ઉપર ઉપર લાગેલો કાદવ જેવા મેલ દૂર કરીને અત્યંત નિર્મળ થાય છે.

આત્મા મૂળ સ્વરૂપે અલિપ્ત છે એમ સમજશે તો જ તેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ સૂઝે, જો એકલો મલીન જ થઈ ગયો છે એમ એકાંતે લિપ્તતાની જ દૃષ્ટિ રાખીએ તો કાદવમાં ~~પડેલ~~ પડેલા મોતીચૂરના લાડવાને જેમ લેવાનું મન ન થાય તેમ આત્માને પણ મેળવવાનું મન ન થાય, માટે કાદવમાં પડેલા લાડવાની જેમ આત્મા કર્મોથી એકાંતે લિપ્ત નથી પણ નિશ્ચયથી જરૂર અલિપ્ત છે. આવી દૃષ્ટિ જ્ઞાનીની હોય છે.

વ્યવહારનયની દૃષ્ટિવાળો આત્માને કર્મો અને શરીરનાં પુદ્ગલોથી લિપ્ત થયેલો દેખે છે. સોનાની લગડી જેમ કાદવથી લિપ્ત છે તેમ આત્મા કર્મોથી લિપ્ત છે. આત્માનો કર્મરહિત કરવા માટે સાધના અને આરાધનાની જરૂર રહે છે. આ રીતે વ્યવહાર નયવાળો ક્રિયાની પ્રધાનતાવાળો હોય છે તે પોતાના આત્માને કર્મોથી લેપાયેલો દેખે છે.

નિર્લેપતા શ્લોક-૭

વ્યવહારનયવાળો માને છે કે હું અશુદ્ધ છું, અઢાર પાપસ્થાનકો વડે લેપાયેલો છું, કર્મના કાદવમાં ખૂંપેલો છું. તેથી અશુદ્ધ આચરણનો છોડીને માત્ર શુદ્ધ આચરણ આચરવું જોઈએ અને તે દ્વારા પૂર્વભવોમાં બંધાયેલી કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને, નવા કર્મો ન બંધાય તે રીતે હું મારા આત્માને આ બંધનમાંથી છોડાવું એવી દૃષ્ટિ રાખીને આત્માને કર્મના બંધનમાંથી છોડાવવા માટે ધર્મક્રિયા કરી શુદ્ધ થાય છે.

નિશ્ચયનય આત્માને મૂળસ્વરૂપે અલિપ્ત સમજવાનો આગ્રહ રાખે છે. તેને આત્માની લિપ્તતા દેખાય છે પણ તેને તે ગૌણ કરે છે.

વ્યવહારદૃષ્ટિવાળો આત્માને લિપ્ત થયેલો સમજીને લિપ્તતા દૂર કરવા માટે ધર્મક્રિયા કરે છે તેને પણ આત્માની મૂળભૂત અલિપ્તતા દેખાય છે તેથી જ તે પ્રયત્ન કરે છે. પણ અલિપ્તતાને ગૌણ કરે છે.

આ પ્રમાણે નિશ્ચયનય અને વ્યવહારનયવાળાને ગૌણ અને મુખ્યતાએ આત્માની સાધના કરવાનો આ ક્રમ છે. વસ્તુસ્થિતિ તો બન્નેની નજરે એક જ છે.

૧૧મું નિર્લેપતા  શ્લોક-૭

જ્ઞાનક્રિયાસમાવેશઃ, સહૈવોન્મીલને દ્વયોઃ
ભૂમિકાભેદતસ્ત્વત્ર, ભવેદેકૈકમુખ્યતા

<u>શબ્દાર્થ:</u> દ્વયોઃ = બન્ને દૃષ્ટિનો, સહૈવ = સાથે જ, ઉન્મીલને = વિકાસ થવામાં, જ્ઞાનક્રિયાસમાવેશઃ = જ્ઞાન-ક્રિયાની એકતા છે, ભૂમિકાભેદતઃ = ગુણસ્થાનકરૂપ અવસ્થાના ભેદથી, અત્ર = અહીં, એકૈકમુખ્યતા = એક એકનું મુખ્યપણું, ભવેદ્ = હોય છે.

<u>શ્લોકાર્થ:</u> જ્ઞાન અને ક્રિયા બન્નેનો સાથે જ વિકાસ થતો હોવાથી, જ્ઞાન-ક્રિયા બન્નેની એકતા હોય છે, તથાપિ (અહીં સાધનની યોગ્યતા રૂપ) ભૂમિકાના (ગુણ સ્થાનના) ભેદથી એક એકની મુખ્યતા (અને બીજાની ગૌણતા) જણાય છે.

<u>ભાવાર્થ:</u> શુદ્ધ થવા માટે બે દૃષ્ટિ ખુલવી જોઈએ. નિશ્ચયનયની દૃષ્ટિ અને વ્યવહારનયની દૃષ્ટિ. જ્યારે બે દૃષ્ટિ સાથે ખુલે છે, ત્યારે જ્ઞાન અને ક્રિયાનો એકીભાવ થાય છે. ગુણસ્થાનકની ભૂમિકા પ્રમાણે જ્ઞાન-ક્રિયાની મુખ્યતા રહે છે,

પારસીપની ટાઉનથી ન્યુયોર્ક જવું હોય તો રસ્તાનું <u>પણ</u> ધ્યાન રાખવું પડે અને કાર પણ ચલાવવી પડે. માર્ગનું ધ્યાન અને ગાડી ચલાવવાની ક્રિયા, આ બન્નેનો એકીભાવ હોય તો જ ન્યુયોર્ક પહોંચી શકાય.

એકાન્તે જ્ઞાનની જ રુચિ હોય અને ક્રિયાની રુચિ ન હોય તો તે એકાન્તવાદી હોવાથી સમ્યગ્દૃષ્ટિ કહેવાતા નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે. જેમ સ્વીમીંગપુલમાં કેમ તરવું તેની કલા જાણી લીધા પછી પૂરું <u>જ્ઞાન હોય</u> પણ <u>તરવાની ક્રિયા ન કરે</u> ત્યાં તો તરી શકતો નથી.

જો કોઈ એમ કહે કે "માત્ર આત્માનું જ જ્ઞાન મેળવો, બીજું કંઈ કરવાની જરૂર નથી. પૂર્વભવોમાં જડ ક્રિયા ઘણી કરી માટે

ક્રિયાને છોડો, માત્ર જ્ઞાન જ મેળવો." આવું કહેનાર એકાંત નિશ્ચયનયવાદી ઉપદેશકો સાચા નથી, સમ્યગ્દર્શની નથી.

જો એકાંતે ક્રિયાની રુચિવાળા જીવો હોય અને જ્ઞાનમાર્ગની રુચિ ન હોય તો તે વ્યવહારનયના એકાંતવાદી હોવાથી સમ્યગ્દર્શની કહેવાતા નથી. નદી તરવાની કળા જાણતા જ ન હોય પણ નદીમાં પડીને ગમે તેમ હાથ-પગ હલાવે તો તે નદીમાં તરી શકતા નથી. તેમ માત્ર ક્રિયા કરવાથી પણ આત્મ-કલ્યાણ થતું નથી.
જો કોઈ એમ કહે કે "ક્રિયા જ કરો, જ્ઞાન મેળવવાની કોઈ જરૂર નથી. શુષ્કજ્ઞાન શું કામનું? ભોજનના જ્ઞાનથી પેટ ભરાતું નથી વગેરે" તો આવા ઉપદેશકો વ્યવહારનયનો એકાંત પક્ષ સ્થાપે છે. તે પણ સમ્યગ્દર્શની નથી.

જ્ઞાન એ પ્રકાશ આપનાર ગુણ છે, **તપ** એ જુના કર્મોની નિર્જરા કરનારો એટલે કે શુદ્ધિ કરનારો ગુણ છે અને સંયમ એ નવા બંધાતા કર્મોને રોકનારો એટલે ગુપ્તિ કરનારો ગુણ છે. જેમ ઘરને સ્વચ્છ કરવું હોય તો કચરાને દેખાડનાર પ્રકાશ (જ્ઞાન) જોઈએ. ઘરમાં પડેલા કચરાને સાફ કરવા માટે (નિર્જરા) સાવરણી (ઝાડુ) પણ જોઈએ, અને નવો કચરો ન આવે તે માટે બારી બારણાં બંધ (સંવર) પણ કરવા પડે. આમ જ્ઞાન, તપ અને સંયમના મીલનમાં જ મોક્ષ થાય.

નિશ્ચય અને વ્યવહાર, બે ચક્રો પર જિનમતનો રથ ગતિશીલ રહે છે. સાધકે વ્યવહાર અને નિશ્ચય બંનો પ્રત્યે સાપેક્ષ દૃષ્ટિ રાખવી જ જોઈએ. સાપેક્ષદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ છે અને નિરપેક્ષ (એક તરફી) દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે.

સાધકની પ્રાથમિક કક્ષામાં ક્રિયાની મુખ્યતા હોય છે અને જ્ઞાનની ગૌણતા હોય છે, પછી ચિત્તશુદ્ધિ થતાં આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન-ભાન થાય છે ત્યારે જ્ઞાનની મુખ્યતા અને ક્રિયાની ગૌણતા હોય છે.
વસ્તુતઃ તો જ્ઞાન અને ક્રિયા બન્ને સાથે જ હોય છે.

ધર્મનું નિર્બંધના અષ્ટક શ્લોક: ૮

સજ્ઞાનં યદનુષ્ઠાનં, ન લિપ્તં દોષપંકતઃ ।
શુદ્ધબુદ્ધસ્વભાવાય, તસ્મૈ ભગવતે નમઃ ।

<u>શબ્દાર્થ</u>: સજ્ઞાનં = જ્ઞાન સહિત, યદનુષ્ઠાનં = જેનું ક્રિયારૂપ અનુષ્ઠાન, દોષપંકતઃ = દોષરૂપ કાદવથી, ન લિપ્તં = લેપાયેલું નથી, શુદ્ધબુદ્ધસ્વભાવાય = શુદ્ધ-બુદ્ધ જ્ઞાનસ્વરૂપ સ્વભાવવાળા, તસ્મૈ = તે, ભગવતે = ભગવંતને, નમઃ = નમસ્કાર હો.

<u>શ્લોકાર્થ</u>: જ્ઞાનસહિત જેનું ક્રિયારૂપ અનુષ્ઠાન દોષરૂપ કાદવથી લેપાયેલું નથી એવા શુદ્ધ-બુદ્ધ જ્ઞાનરૂપ સ્વભાવવાળા તે ભગવંતને નમસ્કાર હો.

<u>ભાવાર્થ</u>:
<u>શંકા</u>: જ્ઞાનસહિત ક્રિયારૂપ અનુષ્ઠાન એટલે શું?
<u>સમાધાન</u>: જે ક્રિયા (અનુષ્ઠાન) કરીએ તેનું સ્વરૂપ, વિધિ અને ફળનું જ્ઞાન હોવું જરૂરી છે. કોઈ આદર્શ કાયમ માટે સ્પષ્ટ લેવો જોઈએ, "મારે મારા આત્માની શુદ્ધ-બુદ્ધ અવસ્થા પ્રગટ કરવી છે". ભોગબુદ્ધિના દોષોથી રહિત જે અનુષ્ઠાન કરે છે તથા ક્રોધ-માન-માયા-લોભ-રાગ અને દ્વેષ વગેરે <u>દોષોથી રહિત</u> થઈને થતું અનુષ્ઠાન તે જ્ઞાનસહિત ક્રિયારૂપ અનુષ્ઠાન કહેવાય છે.

અગ્નિશર્માએ ગુણસેન ઉપરના <u>ક્રોધથી</u> તપનું આચરણ કર્યું.
દશાર્ણભદ્ર રાજાએ <u>માનથી</u> પરમાત્માને વંદન કર્યું.
લક્ષ્મણા સાધ્વીજીએ <u>માયાથી</u> પ્રાયશ્ચિત માંગ્યુ અને કર્યું. આ રીતે ક્રોધ આદિ કષાયો પૂર્વક પણ ધર્મનું આચરણ જીવમાં સંભવી શકે છે.
આવા પ્રકારના કાષાયિક દોષોથી સર્વથા અલિપ્ત એટલે કે દોષોથી રહિત એવું શ્રેષ્ઠ ધર્માચરણ જેનું છે તે મહાપુરુષોને હું નમસ્કાર કરું છું. આ મહાત્મા પુરુષો સર્વ પ્રકારના પૌદ્ગલિક સુખોની આશંસા (ઈચ્છા) વિનાના છે, તથા બુદ્ધ છે એટલે કે જ્ઞાની છે. નિરંતર સમ્યગ્જ્ઞાનના જ રસિયા છે. આવા પ્રકારની ઊંચી દશામાં વર્તતા મહાત્મા પુરુષોની જ્ઞાન આરાધના અને ક્રિયાની આરાધના સદાકાળ સજાગ અવસ્થાવાળી હોય છે. તે મહાત્માને નમસ્કાર હો.